ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0







મેરી ક્રિસમસ - વિશ્વભરમાં ભગવાન ઈશુના જન્મ દિવસની ઉજવણીની પૂર્વ સંધ્યાએ શહેરના ચર્ચમાં અને ઘરોમાં રોશનીથી સજાવટ કરાઈ હતી... પ્રેમનો સંદેશ આપનાર ભગવાન ઈશુ વિશ્વની એકતા માટે અને સમરસતા માટે જીવનભર સંઘર્ષ કરતા રહ્યા છે... રવિવારે તેમના જન્મ દિવસની ઉજવણી નાતાલ પર્વ તરીકે વિશ્વમાં ઉજવવાની ઉત્તેજના પ્રસરી રહી છે ત્યારે ગાંધીનગરના પરિવારો ભારે ઉમંગ અને ઉત્સાહથી ઘર અને ચર્ચને સજાવી રહ્યા છે... માનવજાતમાં ભગવાન ઈશુનો સંદેશ સતત પ્રગટતો રહે અને પ્રસરતો રહે એવા ભાવ સાથે... મેરી ક્રિસમસ...

# ઠંડુગાર : શહેર કાતિલ ઠંડીમાં ઠુંઠવાયુ

## ઉત્તર પુર્વીય દિશામાં પ્રતિકલાકે ૧૫ કી મીની ઝડપે ઠંડો પવન ફુંકાયો : એક જ રાતમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી ગગડયો : નગરજનો કોલ્ડવેવની ગિરફતમાં : આકરી ઠંડીથી રાત્રિના સમયે સેકટરોની શેરીઓમાં સુનકાર : ખુલ્લામાં રહેતા શ્રમિકો દયાજનક હાલતમાં

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં ઉનાળા જેવી આકરી ગરમીના અહેસાસ બાદ છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનુ જોર ધીમે ધીમે વધી રહ્યુ હતુ ત્યારે



આજે અચાનક જ એક જ રાતમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી નીચે ગગડતા ગાંધીનગર ઠંડુગાર બની ગયુ હતુ. શહેરમાં અત્યાર સુધીની સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. આજે લઘુત્તમ તાપમાન ૮.૭ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે પ્રતિ કલાક ૧૫ કીમીની ઝડપે ફુંકાતા ઉત્તર પુર્વીય ઠંડા પવનના લીધે પણ નગરજનોએ કાતિલ ઠંડી અનુભવી હતી. શહેરમાં અગાઉ સિઝનની મહત્તમ ઠંડી ૧૦. ૩ ડીગ્રી નોંધાઈ હતી જયારે હવે ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી ગયો છે. ગાંધીનગર કાતિલ ઠંડીની ગિરફતમાં આવી જતા સાંજ ઢળતા જ શહેરમાં સન્નાટો છવાઈ જાય છે.

ગાંધીનગરમાં ગત દિવસોમાં નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી. આ વર્ષે શિયાળાની મોસમ શરૂઆતમાં ઠંડીનો મિજાજ તીખો જોવા મળ્યો હતો જો કે બે ચાર દિવસ ઠંડીનુ પ્રમાણ વધ્યા બાદ થોડા દિવસો પણ વાતાવરણમાં ઠંડીની અસર જોવા મળતી ન હતી જયારે મોસમના આ બદલાતા મિજાજના લીધે નગરજનો પણ બેચેની અનુભવતા હતા. છેલ્લા ઘણાં દિવસોથી ઠંડીની મોસમ ગાયબ હતી જો કે છેલ્લા ત્રણ દિવસથી ગિરફતમાં આવતા ટુંકમાં જ કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળશે તેમ પણ સ્પષ્ટ થયુ હતુ. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી લઘુત્તમ તાપમાનમાં ગિરાવટ આવતા નગરજનો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. જયારે આજે અચાનક જ મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ગિરાવટ જોવા મળ્યા બાદ આજે દિવસનુ તાપમાન પણ વધુ નીચે ઉતર્યુ હતુ. આકરી ઠંડીથી બચવા માટે નગરજનો સવારથી જ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે ઢળતી સાંજ બાદ

## મોસમની વિક્રમ ઠંડી : તાપમાન ૮.૭ ડીગ્રી

અગાઉ સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે ઠંડીનુ પ્રમાણ નહીંવત થઈ ગયુ હતુ. જયારે દિવસે ઉનાળા જેવી આકરી ગરમી વર્તાતી હતી. છેલ્લા ઘણાં સમયથી ગરમીનો પારો ૩૩ થી ૩૧ ડીગ્રી વચ્ચે રહેતો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૮ થી ૨૦ ડીગ્રી વચ્ચે રહેતા શિયાળાની મોસમ જાણે અદ્રશ્ય થઈ ગઈ હતી. ડિસેમ્બર અડધો વીતી ગયા બાદ ઠંડીનુ જોર ધીમે ધીમે વધી રહ્યુ હતુ. જેના લીધે લઘુત્તમ તાપમાનમાં તબક્કાવાર ઘટાડો જોવા મળ્યો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૩.૪ ડીગ્રી રહ્યુ હતુ. જયારે ઠંડીની સાથે ગરમીનો પારો પણ નીચે ઉતરી ગયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાનમાં પણ ૩ ડીગ્રીની ગિરાવટ આવી હતી. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી ગરમીના પારાની ચઢ ઉતર વચ્ચે ગાંધીનગર ઠંડીનો પારો ૫ ડીગ્રી નીચે ઉતરી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા શહેરીજનો પણ કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયા હતા. સવારથી જ વાતાવરણમાં ઠંડીની અસર વર્તાતી હતી. દિવસ દરમિયાન ઉત્તર પુર્વીય પવન પણ પ્રતિ કલાકના ૧૫ કિલોમીટરની ઝડપે ફુંકાતા ઠંડીની અસર વધી કાતિલ બની હતી. જયાર ગઈકાલે ઠંડીનુ જોર વધ્યુ હતુ. કાતિલ ઠંડીના ચમકારાથી સેકટરોની શેરીઓ અને શહેરના મુખ્યમાર્ગો પર પણ સન્નાટો છવાયો હતો. બર્ફિલી ઠંડીથી શહેરમાં રાત્રિના સમયે સુનકાર જોવા મળ્યો હતો. ઠંડીનો મિજાજ આક્રમક બનતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત છે. જયારે અચાનક જ ઠંડી વધી જતા જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. રાત્રિના સમયે ઘરોમાં પંખા બંધ થઈ ગયા છે. સેકટરવાસીઓ ઠંડીથી બચવા માટે કામ સિવાય ઘરની બહાર

● અનુસંધાન પાન-૭ પર

### હાડ થીજવતી ઠંડીની આગાહી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરાઓએ આગામી થોડાક જ દિવસોમાં હાડ થીજવતી ઠંડી માટે તૈયાર રહેવું પડશે. જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા.પટેલે આગાહી કરી છે કે ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ડીસેમ્બરના અંતિમ દિવસોમાં કોલ્ડવેવનો અનુભવ થશે.

આગામી ૨૫ ડીસેમ્બર બાદ રાજયના ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો નીચો જઈ શકે છે. છેલ્લા ઘણા દિવસોથી તાપમાનનો પારો ઉંચો જણાતો હતો તે હવે ઘણા વિસ્તારોમાં દસ ડિગ્રીની નીચે જઈ શકે છે. રાજયના અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, નર્મદા, બનાસકાંઠા સહિતના સમગ્ર ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં કોલ્ડ વેવનો અનુભવ થઈ શકે છે. હવામાન વિભાગે પણ જણાવ્યું છે કે તાપમાનમાં ૨ થી ૫ ડિગ્રી જેટલો ઘટાડો આવી શકે છે. દિવસના તાપમાનમાં પણ ઘટાડો થશે જેના કારણે દિવસે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડશે. જાન્યુઆરીમાં દરીયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફુંકાશે. ઠંડા પવનોની ગતિ વધશે. ઠંડી પડવાની આગાહીથી ખેડૂતો ખુશી અનુભવી રહયા છે. ઘઉં જેવા ખેત પાકો માટે આકરી ઠંડી જરૂરી હોઈ ખેડૂતો ખુશ છે. ઠંડીનો ચમકારો છેક ઉતરાયણ સુધી અનુભવી શકાશે.

# જિલ્લામાં આવતીકાલથી ટી.બી. સર્વેલન્સની કામગીરી હાથ ધરાશે

## ગાંધીનગર જિલ્લામાં ટીબીના કેસની સંખ્યામાં ઘટાડો થયો છે કે નહિ તે અંગેનો સર્વે કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં



આવતીકાલથી ટી.બી. અંગે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં હાલ ૨૫૦૦ જેટલા નોંધાયેલા દર્દીઓ છે. ટી.બી. નિર્મૂલન માટે સરકારે ૨૦૨૫નું વર્ષ નિયત કરેલ છે. ટી.બી.ના આ સર્વેલન્સની કામગીરી ૨૦૧૫ને આધાર બનાવી હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લામાં સર્વેલન્સ માટે ૧૦થી વધુ ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે. જિલ્લામાં આ સર્વેલન્સ માટે ખાસ તાલીમ પણ કર્મચારીઓને આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

માનનીય વડાપ્રધાન શ્રી દ્વારા ૨૦૨૫ માં ટીબી નાબૂદ કરવાનું આહવાન કરેલ છે જે અનુસંધાને ટીબીના કેસોમાં ૨૦૧૫ની સાપેક્ષમાં ૮૦% ઘટાડો કરવો જોઈએ. હાલની પરિસ્થિતિમાં ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫ની સાપેક્ષમાં ટીબીના કેસમાં કેટલો ઘટાડો થયેલ છે તેની ચકાસણી માટે આવનારા સમયમાં ગાંધીનગર જિલ્લામાં સેમ્પલ સર્વે હાથ ધરનાર છે કેન્દ્ર સરકાર દ્વારા આ સર્વે કરવામાં આવશે જે અનુસંધાને કેન્દ્ર સરકાર દ્વારા ટીબી ના કેસમાં ૨૦ ટકા ઘટાડો જોવા મળે તો બ્રોન્ઝ મેડલ, ટીબીના કેસમાં ૪૦% ઘટાડો જોવા મળે તો સિલ્વર મેડલ વગેરે આપી જિલ્લાની કામગીરીને પ્રોત્સાહિત કરવામાં આવશે હાલ ગુજરાતમાંથી આ સર્વે માટે આઠ જિલ્લા ની પસંદગી કરેલ છે જેમાં

● અનુસંધાન પાન-૭ પર



સ્મરણ - આજથી ૪૯ વર્ષ પહેલાની આ તસવીર ભારતીય જનતા પાર્ટીના પાયાની અભિવ્યક્તિ કરે છે... ભાજપના રાષ્ટ્રીય મોભી અને પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈ અને પ્રદેશ ભાજપના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની તસવીર પાંચ દાયકાના ઈતિહાસની સાક્ષી પુરે છે... ૧૯૭૩માં ભારતીય જનસંઘની બેઠકમાં બંને અગ્રણીઓની લાક્ષણિક તસવીર.... સ્મરણ જ જીવન મૂડી છે...

# ગ્રામ્ય વિસ્તારમાં પ્રિકોશન ડોઝ લેવા કોઈ ફરકયુ જ નહિ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પ્રિકોશન ડોઝના વેક્સિનેશન અભિયાનને નબળો પ્રતિસાદ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એકપણ લાભાર્થીને આવરી લેવામાં તંત્ર સફળ નથી રહ્યું. અર્થાત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં શૂન્ય વેક્સિનેશન છે. શહેરમાં આજે ૧૬૪ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

કોરોનાના નવા વેરિયન્ટને પગલે સરકારે પણ વેક્સિનેશન અભિયાન સઘન કરવા માટે સૂચનાઓ આપી છે. સરકારે ગાંધીનગરમાંથી સૂચનાઓ આપી અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જ લોકોએ ઉદાસીનતા દાખવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા પાંચ દિવસમાં એક પણ દિવસ વેક્સિનેશનના લાભાર્થીઓની સંખ્યા ૧૦૦ને પાર થઈ નથી. શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં જ ૫૦૦થી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

કોરોનાની છેલ્લી લહેરમાં વેક્સિનેશનને પગલે કેસો નોંધાયા પણ તે દર્દીઓમાં હળવા લક્ષણો જોવા મળ્યા હતા અને હોસ્પિટલાઈઝેશન રેટ પણ નહિવત રહ્યો છે. વેક્સિનેશન એ અતિ મહત્વનું છે. આઝાદીના અમૃત મહોત્સવનો લઈ ફ્રી વેક્સિશન થઈ રહ્યું છે.

તંત્રએ આ અંગે જિલ્લાના ચારેય તાલુકામાં વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે સૂચનાઓ આપી છે પણ ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશનને લઈ જે ઉદાસીનતા જોવા મળી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

# ગાંધીનગર સિવિલમાં જીભના કેન્સર સ્ટેજ-૨ની સફળ સર્જરી

## ડો. યોગેશ ગજ્જર અને તેમની ટીમે ૪ કલાક સુધી ઓપરેશન કરી જીભ અને ગળાની ગાંઠ દૂર કરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એક દર્દીનું જીભના બીજા સ્ટેજની કેન્સરની સફળ સર્જરી કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલમાં ઈએનટી વિભાગમાં આ સફળ સર્જરી દરમિયાન દર્દીના ગળામાં રહેલી ત્રણ ગાંઠોને પણ દૂર કરવામાં આવી છે.

૪ કલાકથી વધુ સમય સુધી સર્જરી કરવામાં આવી હતી. દર્દીની હાલ સ્થિતિ સ્થિર છે તેમજ ભયમુક્ત છે. ખૂબ જ જટિલ આ સર્જરી હોય છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક વર્ષથી થાઈરોડ અને અન્ય સર્જરી પણ સફળ થઈ છે. તંત્રની ટીમ દ્વારા હાલ ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓની થીમ પર કામગીરી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેન્સરની આ સફળ સર્જરીએ તેની ચાહનામાં વધારો કર્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈએનટી વિભાગમાં



ડો. યોગેશ કે. ગજ્જર

ડૉ. યોગેશ કે. ગજ્જર (પ્રાધ્યાપક તથા વડા)ની ટીમ દ્વારા સ્ટેજ-૨ જીભના કેન્સરનું સફળ સર્જરી કરવામાં આવી હતી.

૫૫ વર્ષના પુરુષ દર્દી કે જેઓ દહેગામ બાજુના ગામના વતની ગરીબ ઘરના ઈએનટી આપીડી ખાતે લગભગ ૧૫ દિવસ પહેલા બતાવવા આવ્યા અને તેમને જીભની ડાબી બાજુમાં ચાંદી હતી જે વધીને લગભગ ૩ મહિનામાં ગાંઠમાં બદલાઈ ગઈ હતી. અને ગળાના ભાગમાં પણ ગાંઠ હતી. જીભની ગાંઠ (ચાંદી) લગભગ ૩ ટ ૨ ટ ૨ સેન્ટીમીટરની હતી. જેનાથી નાનો ટૂકડો લઈ બાયોપ્સી હીસ્ટોપેથાલોજીકલ એક્ઝીમીનેશનમાં મોકલી આપવામાં આળી હતી. બાયોપ્સીના રિપોર્ટમાં Squamous Cell Caranoma આવ્યા. એટલે દર્દીને તેની સારવાર બાબતે સમજાવવામાં આવ્યું કે આનું આપરેશન થઈ શકે એમ છે. અને દર્દીની ઈએનટી વિભાગમાં દાખલ કરી તેમના ગળાના અને મોઢાના સી.ટી. સ્કેન કરવામાં આવ્યું હતું. સી.ટી. સ્કેન અને ક્લીનિકલ તપાસ આધાર સ્ટેજ-૨નું કેન્સર હતું.

દર્દીને તા. ૨૨ ડિસેમ્બરના રોજ ઈએનટી ઓપરેશન

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની ૨૫ શાળાઓમાં

# આંતરિક અને બાહ્ય મૂલ્યાંકનની કામગીરી જાન્યુઆરીમાં પૂર્ણ કરાશે

## ૧૩ પ્રાથમિક શાળામાં આંતરિક મૂલ્યાંકન અને ૧૨ માધ્યમિક શાળામાં બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે.

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના ૨૫ શાળાઓમાં આંતરિક અને બાહ્ય મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે જાન્યુઆરી-૨૩ પહેલાં પૂર્ણ કરી દેવામાં આવશે.

જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાની ૧૩ પ્રાથમિક શાળાઓનું આંતરિક મૂલ્યાંકન અને ૧૨ માધ્યમિક શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે.

ગુણોત્સવ ૨.૦ને આધાર બનાવી આ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. શિક્ષણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે, એલ.એસ્મ.સી.ના સભ્યોને સાથે રાખી આ મૂલ્યાંકનની કામગીરી કરવાની રહેશે.

ગુણોત્સવમાં શાળાનએ મળેલ ગ્રેડ, એકમ કસોટીની વિગતો, સંત્રાત પરિક્ષાઓની વિગતો, ભૌતિક અને શૈક્ષણિક વિકાસ તેમજ બાળકો દ્વારા કરવામાં આવેલી વિશિષ્ટ પ્રવૃત્તિઓ અંગે એસ.એમ.સી.ના સભ્યો સાથે ચર્ચા કરી ζ્ઈઈછ દ્વારા જે ફોર્મેટ આપવામાં આવ્યું છે તેના આધારે મૂલ્યાંકન કરવાનું રહેશે.

ગુણોત્સવમાં મળેલ ગ્રેડીંગ સાથે સહમતિ ના હોય તેવી શાળાઓમાં રેન્ડમલી મૂલ્યાંકન કરવાનું સરકારે નક્કી કર્યુ હોવાથી આ મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આળી હોવાનું આ સુત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ૧૩ પ્રાથમિક શાળાઓમાં આંતરિક મૂલ્યાંકન ગાંધીનગરની ૪, કલોલની ૩ અને

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com